
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે રાત્રે અગિયાર વાગે રાહુ સિંહ રાશિમાં પ્રવેશ કરશે - વક્રી ગુરુ સાથે યુતિ કરશે - ચાંડાલ યોગ શરૂ થશે. જે તા. ૧૧-૮-૨૦૧૬ના રોજ પૂરો થશે. ચાંડાલ યોગ દરમિયાન મોટા સંહારક યુદ્ધો - કુદરતી હોનારતો આપત્તિઓ આવે. આજે રાત્રે અગિયાર વાગે કાલ - સર્પ યોગ થાય છે.**

**મેષ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. પાંચમા સ્થાનમાં ચાંડાલ યોગ થતો હોઈ સંતાનો - બાબતમાં મુશ્કેલીઓ આવી શકે છે - તેમના ભણતર અને તંદુરસ્તીના પ્રશ્નો ઉભા થાય.

**વૃષભ** ચોથે ચાંડાલ યોગ - સાતમે શનિ - માતાપ-પિતના સ્વસ્થતા અંગે પ્રશ્નો ઊભા કરી શકે છે. માતા-પિતાની માંદગી સંબંધે આગામી દિવસોમાં ખર્ચા આવી શકે છે.

**મિથુન** તમારા પોતાના મકાન - મીલકત ખરીદીના પ્રથમ ચરણમાં આજથી તમો પ્રવેશી ગયા છો - નજીકના ભવિષ્યમાં તમો તમારું પોતાનું મકાન - નવી મિલકત વસાવી શકશો.

**કર્ક** બહારનું ખાવા પીવાની કાળજી રાખવી - તંદુરસ્તી જળવાય તે માટે સાવચેત રહેવું. સંતાનોના પ્રશ્નોની મૂંઝવણો દૂર થવાના યોગો હવે આવી રહ્યા છે.

**સિંહ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. આવતીકાલે રાશિમાં ચાંડાલ યોગ થાય છે - તેથી વ્યગ્રતા - અમગમતા વિચારોથી ઘેરાયેલા રહો. ઈષ્ટદેવનું સ્મરણ કરવું.

**કન્યા** આજથી આપની રાશિમાંથી રાહુ બારમે જાય છે - બારમે રા કરે ઘા - કહેવત મુજબ બારમે રાહુ - શનિ - બંધન યોગ પણ લાવી શકે છે - સટ્ટા - જુગારની બદીથી દૂર રહેશો.

**તુલા** શનિની ઉતરતી સાડાસાતી પનોતી ચાલે છે. વણ જોતી ઉપાધિઓ આવે તે તમો તેમાં રોકાઈ જાઓ - દોડાદોડ કરવી પડે - શક્ય તેટલી શાન્તિથી પ્રશ્નો ઉકેલવા મહેનત કરવી.

**વૃશ્ચિક** શનિની મધ્ય સાડાસાતી પનોતી ચાલે છે. હનુમાનજી - શનિદેવની ભક્તિ કરવી - દર્શન કરવા તો જ વ્યગ્રતા અને આવેલ મુંઝવણો દૂર થશે - તબિયતની કાળજી રાખવી.

**ધન** શનિની પ્રારંભિક સાડાસાતી પનોતી ચાલે છે. ઈષ્ટદેવની પુજા કરશો. બારમે શનિ કુવિચારો લાવે - શેર સટ્ટા - જુગારથી દૂર રહેશો તો બચી જશો નહીં તો ખોટના ખાડામાં ઉતરશો.

**મકર** રાશિમાં સૂર્ય આવેલ છે જે અંશાત્મક મધ્યમાં આવેલ છે - બારમે બુધ - શુક્ર ખોટા ખર્ચ કરાવે - ચાંડાલ યોગ આપને બધી જ રીતે નુકસાનકારક છે તેનું ધ્યાન રાખશો.

**કુંભ** સાતમા સ્થાનમાં રાહુ ગુરુની યુતિથી ઊભો થતો ચાંડાલ યોગ આપને શારીરિક હેરાન પરેશાન કરી શકે છે - ઈષ્ટ દેવની આરાધના કરવાથી કષ્ટ નિવારણ થઈ શકે છે.

**મીન** મીન રાશિના જાતકોએ બને ત્યાં સુધી આજે ને કાલે પ્રવાસ ટાળવો. ન છૂટકે જ વાહનમાં બેસવું - સાતમે રાહુ જતાં જતાં હેરાન કરી શકે.

# બનાસકાંઠા જિલ્લામાં ૧.૫૮ લાખમાં વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરાયું

## લાભાર્થીઓને કાર્ડ તેમના રહેઠાણના સ્થળેથી નજીકમાં મળી રહે તે માટે વિશેષ આયોજન

પાલનપુર, તા. ૨૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વર્ષ-૨૦૧૨-૧૩માં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના રાજ્યના તમામ જિલ્લાઓના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે અમલમાં મુકેલ છે. મુખ્યમંત્રી અમૃતમમાં આ યોજના હેઠળ ગંભીર બિમારીઓ જેવી કે હૃદય, કિડની, કેન્સર, નવજાત શિશુઓના ગંભીર ઈજાઓ, બેર્ન્સ અને મગજના રોગો માટે કુટુંબદીઠ મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી વાત્સલ્ય કાર્ડ કઢાવવું ફરજીયાત છે. યોજના હેઠળ વધુમાં વધુ કિઓસ્કનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૨૬ જાન્યુઆરીથી વધુ લાભાર્થીઓને કાર્ડ તેમના રહેઠાણના સ્થળથી મળી રહે તે હેતુથી મા યોજના આઈ.ઈ.સી.રથ અને ૩ કિટની ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાંત



યોજનાનો વ્યાપ વધારાની રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી અમૃતમમાં વાત્સલ્ય યોજના રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો માટે અમલ કરવામાં આવ્યો છે. કુટુંબની નિયત સારવારનો ખર્ચ, માન્ય હોસ્પિટલને સીધો સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

યોજના હેઠળ લાભ મેળવવા માટે બી.પી.એલ. લાભાર્થીને મા કાર્ડ અને રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા લાભાર્થી કુટુંબોને મા પટેલના વરદહસ્તે શુભારંભ કરવામાં આવ્યો છે. જે વધીને ૧૦ કીટ કરવામાં આવશે. આજદિન સુધી બનાસકાંઠા જિલ્લામાં કુલ-૨,૬૪,૮૯૧ કુટુંબોની નોંધણી કરીને કુલ-૧,૫૮,૯૬૭ કાર્ડનું વિતરણ થયું છે.



### ટીંટોઈ-ફૂટા રોડ પરથી ફોર્ડ-ફીગો કાર પલટી, ૨૫૦ ફૂટ દૂર કૂવા પર લટકી

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ટીંટોઈ નજીક આવેલા ફૂટા પાટીયા નજીક મોડાસા તરફથી શામળાજી બાજુ જતી ફોર્ડ ફીગો (ગાડી નં. જીજે૩૧એ૮૦૧)ના ચાલકે પૂરઝડપી હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર રોડની બાજુમાં ૨૫૦ ફૂટ દૂર આવેલા કૂવા પર ૧૦થી ૧૧ પલટી-ગુલાંટ મારી ઊંડા કૂવાની કિનારી પર લટકી જતા કારચાલક તેમજ બેઠેલ વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. કારનો ભુક્કો બોલાઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ કારને ઊંડા કૂવા પર લટકેલી જોતા અચંબામાં પડી ગયા હતા અને મોંમાંથી શબ્દો સરી પડ્યા હતા કે 'રામ રાખે તેને કોણ ચાખે'




ગાંધીનગર નજીક આવેલ સરગાસણ ગામની પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની દબદબા ભેર ઉજવણી કરવામાં આવી હતી. 'બેટી વધાવો' તેમજ બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત સરગાસણ ગામની ઉચ્ચ અભ્યાસ કરતી મેઘા વિજયસિંહ વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપસરપંચ, એસ.એમ.સી. સભ્યો, પંચાયતના સભ્યો, શાળાના આચાર્ય સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.




પ્રજાસત્તાક દિને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પહાર ચઢાવવામાં આવ્યા હતા. અને તેમણે દેશ માટે આપેલ યોગદાનને યાદ કરી આગામી સમયમાં દેશની પ્રગતિમાં યુવાનોની ભૂમિકા વિશે નહેરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથારે હાકલ કરી હતી. આ પ્રસંગે ભાનુભાઈ શાહ અને જી.ઈ. કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

# હિંમતનગરમાં લોક માહિતી અભિયાનનું આયોજન

હિંમતનગર, તા. ૨૮

કેન્દ્ર સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓ તથા નીતિઓ અંગેની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે ભારત સરકારની પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (પત્ર સૂચના કાર્યાલય પીઆઈબી) કચેરી એક નોડલ એજન્સી તરીકે કાર્ય કરે છે. સરકારની વિવિધ યોજનાઓ તથા જુદા જુદા ક્ષેત્રો અંગે સરકારની નીતિઓ જન સામાન્ય સુધી પહોંચાડવા માટે પીઆઈબી તેમની વિવિધ રાજ્યોમાં આવેલી પ્રાદેશિક સ્થાનિક કચેરીઓ દ્વારા લોક માહિતી અભિયાનો ચલાવે છે.

આ અભિયાનના એક ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે તા. ૨૯ થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૬ તથા તા. ૩૧-૧-૨૦૧૬ના રોજ જસવંતગઢ ખાતે લોક માહિતી અભિયાનનો ત્રિદિવસીય કાર્યક્રમ યોજાનાર છે.

આ લોક માહિતી અભિયાનમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હસ્તકની વિવિધ કચેરીઓ જેમકે, આકાશવાણી, દૂરદર્શન, દ્રશ્ય અને શ્રાવ્ય માધ્યમ (ડીએવીપી), પ્રકાશન વિભાગ (ડીપીડી), ક્ષેત્રિય પ્રચાર નિર્દેશાલય (ડીએફપી), ગીત અને નાટક વિભાગ (એસ એન્ડ ડી ડિવિઝન) જોડાશે, અને આ ત્રિદિવસીય પ્રચાર અભિયાનમાં ભાગીદાર બનશે. નોડલ એજન્સી પીઆઈબી અમદાવાદ રહેશે.

આ પ્રકારના અભિયાનનો મૂળભૂત હેતુ આમ આદમીને સરકારી યોજનાઓથી વાકેફ કરવાનો અને તેનો લાભ શી રીતે લઈ શકાય ? તે વિશે અવગત કરવાનો છે. આ અભિયાન દરમિયાન સંલગ્ન સંસ્થાઓ જેવી કે, નાબાર્ડ, એલઆઈસી, લીડ બેંક, ખેતી અને બાગાયત વિભાગ, સંચાર વિભાગ, ટપાલ ખાતુ, આરોગ્ય તથા મહિલા, બાળ વિકાસ વિભાગ વગેરે જોડાશે તથા જે તે વિભાગની માહિતી તેમના તજજ્ઞો દ્વારા લોકોને પુરી પડાશે.

### સ્માર્ટસિટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્માર્ટસિટીમાં જગ્યા મળી છે. કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુએ સ્માર્ટસિટીની યાદી જાહેર કરી હતી. આ શહેરોની પસંદગી સ્પર્ધાના આધાર પર કરવામાં આવી છે. વેંકૈયા નાયડુએ જે ૨૦ શહેરોના નામની યાદી જારી કરી છે તેમને પ્રથમ તબક્કામાં સ્માર્ટસિટી બનાવવામાં આવશે. જેમાં ભુવનેશ્વર, પુણે, જયપુર, જબલપુરનો સમાવેશ થાય છે. સ્માર્ટસિટી માટે યુપી, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને બંગાળમાંથી કોઈપણ શહેરની પસંદગી કરવામાં આવી નથી. કોંગ્રેસના સાંસદ અને પૂર્વ મંત્રી રાજીવ શુક્લાએ સ્માર્ટસિટીની પસંદગી ઉપર પ્રશ્નો ઉઠાવ્યા છે.

### ગુજસીકોક બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું ત્યારબાદ નવા બિલમાં સુધારા વધારા કરવામાં આવ્યા હતા. ગુજરાત કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બિલ ૨૦૦૩માં ફરીથી કામ કરવામાં આવ્યું હતું. તેની જટિલ જોગવાઈના કારણે રાષ્ટ્રપતિ દ્વારા ત્રીજી વખત આ બિલને પરત મોકલી દેવામાં આવ્યું છે. કોંગ્રેસના સભ્યો તરફથી જોરદાર વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં આ બિલને ગુજરાત સરકારે અગાઉ પસાર કર્યું ગહતું. ગુજરાતમાં હબૂતકાળમાં આતંકવાદી હુમલાઓને ધ્યાનમાં લઈને આ બિલમાં ખુબ જ કઠોર જોગવાઈ કરવામાં આવી હતી. આ બિલને અગાઉ બે વખત પરત મોકલી દેવામાં આવ્યો હતો. એક વખત તત્કાલિન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ અને બીજી વખત તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા પરત મોકલી દેવામાં આવ્યું હતું.

### પગલા લેવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તકલીફને ધ્યાનમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

ફરિયાદોના તરત જ નિરાકરણ લાવવા અનેટોચના સ્તરે નિરીક્ષણ માટેની એક વ્યવસ્થા ગોઠવવાનો તમામ સચિવોને આદેશ કર્યો હતો. સચિવોને કહેવામાં આવ્યું હતું કે, તેમના સંબંધિત વિભાગોને જરૂરી આદેશો આપવામાં આવે. મોડેથી મોદીએ કેટલાક પ્રધાનો સાથે સંબંધિત સ્કીમોની પ્રગતિ સમીક્ષા યોજી હતી જેમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી યોજનાઓને ઝડપથી આગળ વધારવા પ્રધાનોને સૂચના અપાઈ હતી.

### દર છુપાવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કચરો ઉપાડવાનો ખર્ચ વાર્ષિક ૨૬૦.૦૦ લાખ ઉપરાંત હંગામી સફાઈ કામદારોનો પગાર ખર્ચ વાર્ષિક અંદાજે ખર્ચ ૫૪૦.૦૦ લાખ તથા સફાઈના સાધનો માટે ૨૦૦.૦૦ લાખ મળીને આ કામગીરી માટેનો કુલ ખર્ચ અંદાજીને ૧૦૦૦.૦૦ લાખ થનાર છે. જ્યારે સને ૨૦૧૫-૧૬માં રહેણાંક મિલ્કતો પર વાર્ષિક ૧૮૦.૦૦ બિન રહેણાંક મિલ્કતો પર વાર્ષિક ૧૦૮૦.૦૦, તા. ૧-૧-૨૦૧૫ થી વસુલ કરવા મંજુર કરવામાં આવેલા હતા. જે દરથી પુરેપુરો ખર્ચ સરભર થતો નથી. જેથી રહેણાંક વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૩૬૦ તથા બિન રહેણાંક માટે વાર્ષિક રૂ. ૨૧૬૦ મંજુર કરવા વિનંતી છે. સદર વધારાથી વાર્ષિક રૂ. ૨૯૨.૬૨ લાખની આવક થશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરી વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન દૈનિક ધોરણે શરૂ કરેલ છે જે કોઈ પણ પ્રકારના ચાર્જ વગર કરવામાં આવે છે વધતા જતા સફાઈ માટેના ખર્ચને સરભર કરવા માટે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન માટે સન ૨૦૧૬-૧૭માં રહેણાંક વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૧૨,૦૦ તથા બિન રહેણાંક માટે વાર્ષિક રૂ. ૨૪૦૦ મંજુર કરવા વિનંતી છે. સદર વધારાથી વાર્ષિક રૂ. ૬૬૪.૦૧ લાખ થશે. જે સામે થનાર ખર્ચ સરભર થશે. આમ સફાઈ માટેના કુલ અંદાજીત ખર્ચ ૧૦૦૦ લાખ સામે ૯૫૬.૬૩ લાખની આવક થશે.

વન ટાઈમ વ્હીકલ કર વસુલ કરવાની દરખાસ્ત રજુ કરી તેમણે આવકનો નવો સ્ત્રોત ઉભો કરવાની દિશામાં કદમ ભર્યુ હોવાનું જણાવતાં અંદાજપત્રમાં સૂચવ્યું છે કે હાલમાં ક્લાયમેન્ટ ચેન્જ તથા ગ્લોબલ વોર્મિંગ જેવા મુદ્દાઓ ધ્યાને રાખતાં સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નવા ફોરવ્હીલર અને ટુવ્હીલર વાહનો પર વન ટાઈમ વ્હીકલ કર નાખવાની દરખાસ્ત છે. નવા ફોર વ્હીલર પર વાર્ષિક રૂ. ૪૦૦૦ અને ટુવ્હીલર વાહનો પર રૂ. ૨૦૦૦ લેખે વ્હીકલ કર મંજુર કરવા વિનંતી છે. સને ૨૦૧૬-૧૭માં રૂ. ૮૦ લાખ અંદાજીત આવક થશે.

બાળ ઉદ્યાનમાં નૌકાવિહાર તથા મીની ટ્રેનના ચાર્જમાં વધારો કરવાની દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને બાળઉદ્યાન અને સરીતાઉદ્યાન સુપ્રત કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. હાલમાં બાળઉદ્યાનમાં નૌકાવિહાર તેમજ મીની ટ્રેન થકી મહાનગરપાલિકાને આવક થાય છે. હાલમાં નૌકાવિહારની ટીકીટનો ચાર્જ (૧૨ વર્ષથી નાની ઉંમરના માટે) રૂ. ૫.૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ તેમજ મીની ટ્રેનની ટીકીટનો ચાર્જ (૧૨ વર્ષથી વધુ ઉંમરના માટે) રૂ. ૧૦.૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ છે જેમાં હવે નૌકાવિહારની ટીકીટનો ચાર્જ- (૧૨ વર્ષથી વધુ ઉંમરના માટે) રૂ. ૧૦.૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ તેમજ મીની ટ્રેનની ટીકીટનો ચાર્જ (૧૨ વર્ષથી વધુ ઉંમરના માટે) રૂ. ૨૦.૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ મંજુર કરવા વિનંતી છે. સને ૨૦૧૬-૧૭માં રૂ. ૩૦.૦૦ લાખ અંદાજીત આવક થશે.

સોલાર લાઈટના સાધનો માટે સબસીડી આપવાની દરખાસ્ત

બીન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતોનો ઉપયોગ વધે તે માટે નવી સોલાર લાઈટ અને સોલાર સિસ્ટમની ખરીદી અને વપરાશ પર રહેણાંક વિસ્તાર પર આ માટે કુલ ખર્ચના ૧૫ ટકા અને બીન રહેણાંકમાં કુલ ખર્ચના ૫ ટકાની સબસીડી આપવાની દરખાસ્ત છે. આ માટે સને ૨૦૧૬-૧૭માં અંદાજીત રૂ. ૩૦૦.૦૦ લાખનો ખર્ચ થશે. આમ, રહેણાંક વિસ્તારમાં ૧૫ ટકા અને બીન રહેણાંક વિસ્તારમાં ૫ ટકા લેખે સબસીડી મંજુર કરવા વિનંતી છે.

### ફોરલેન કરાશે... અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોમનાથ દ્વારકા તેમજ ચિલાડો નરોડા નેશનલ હાઈવેને પહોળો કરવા માટે પણ કામને મંજુરી આપવામાં આવી હતી. સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિનુ કામ ચાલી રહયુ છે. તેને જોડતા રાજપીપળાથી દેવળીયા ચોકડી સુધીના માર્ગને રૂપિયા ૨૨૩ કરોડના ખર્ચને ચાર માર્ગીય બનાવવા પણ મંજરી આપવામાં આવી છે. આ ઉપરાંત સુરત શહેર નજીક કામરેજ ચાર રસ્તાથી કડોદરા ચાર રસ્તા સુધીના માર્ગને ૬ માર્ગીય કરવાની કામગીરી પણ હાથ ધરાશે. બેઠકના અંતે નિતિન પટેલે જણાવ્યુ હતુ કે ભારત સરકાર દ્વારા સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી ગત વર્ષે રૂપિયા ૪૩૭ કરોડના કામોને મંજુર કરવામાં આવ્યા હતા. જયારે આ બેઠકમાં રૂ ૮૦૦ નવા કરોડના કામોને મંજુર કરાયા છે. બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા , માર્ગ મકાન વિભાગના સચિવ પી જે પટેલ, ચીફ એન્જિનિયર એન કે પટેલ સહીતના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહયા હતા.

### જીપીએસ સિસ્ટમ... અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિસ્પલે ગોઠવી દેવાયા છે. જેમાં ચાર ડીસ્પલે શહેરી વિસ્તાર માટે તેમજ અન્ય ૧૦ ડિસ્પલે ગ્રામ્ય વિસ્તાર માટે કાર્યરત કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં એકસપ્રેસ બસો માટે આ સિસ્ટમ કાર્યરત કરાશે. જયારે ત્યારબાદ અન્ય બસોને પણ આવરી લેવામાં આવશે. આ સિસ્ટમના આધારે મુસાફરો બસનુ લોકેશન પણ જાણી શકશે. જયારે જી પી એસ સિસ્ટમના આધારે મુસાફરોનો સમય પણ બચશે. બસની હીલચાલ અંગેની જાણકારી પણ મળી શકશે.

### અસ્થિ વિસર્જન... અનુસંધાન છેલ્લાનું ચાલુ

મૃતકોના અસ્થિનુ વિસર્જન કરવામાં આવ્યુ છે. શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિ ત્રણ માસના અંતે હરિદ્વાર ખાતે અસ્તિવિસર્જન કરવામાં આવે છે. જેમાં મહામંડળના પદાધિકારીઓ શશીકાંત મોઢા,નિલેન્દુ વોરા, દિપુભાઈ વોરા, જે કે પટેલ, ઉલ્લાસ વોરા, મુકેશભાઈ શુકલ, ઉદય ત્રિવેદી, તેમજ કરશનભાઈ પરમાર સહીતના નાગરિકો સેવા પુરી પાડી રહયા છે.

### તન-દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

છે કે કોઈ પણ એલર્જી મા પહેલા IgEનુ લેવલ કેટલુ છે એ મહત્વનુ છે. એટલે કે IgE ની નોર્મલ રેન્જ (Neonates :- upto 1.5 iu/ml, Infants <1y :upto 15iu/ml, Age 1 to 5y: upto 60iu/ml, Age 6 to 9y: upto 90iu/ml, Age 10 to 15y: upto 200iu/ml, Adults: upto 100 iu/ml). કહેવાનો મતલબ એ થાય છે કે કોઈ પણ એલર્જીની શંકા હોય તો પહેલા IgE લેવલ લેબોરેટરી મા જાણવું જરૂરી છે. IgE લેવલ જો વધારે હોય તો તમને એલર્જી છે એવુ સાબિત થાય. અરે ઓ ભાઈ ઉભો રે, આ IgE વધારે આવ્યું એટલે મને શેની એલર્જી છે? આમ અડધે રસ્તે રખડાવીને ક્યાં જાય છે? તમે લેબોરેટરીવાળા અને ડોકટરો ભેગા મળી ને લોકોની પત્તાર શુ કરવા જીકો છો.

એવુ નથી ભાઈ ખેલ તો હવે શરુ થાય છે. IgE વધારે આવ્યું એટલે જો તમને જાણવા મા રસ હોય તો આગળ વધારે બીજા ટેસ્ટ કરવા પડે. અરે ભાઈ માંડીને વાત કર વધારે કયા? તો સાંભળો ૪ પ્રકાર ના પ્રોફાઈલ્સ કરવા પડે જેમકે વેજીટેરિયન (શાકાહારી), નોન-વેજ(માંસાહારી), Inhalant (સુગંધિત પદાર્થો), અને ડ્રગ્સ (દવાઓ). આ બધા માંથી લેબોરેટરી વાળા તમને શોધી ને આપશે દા.ત. કે, દાળ,ચોખા, દૂધ, ઘઉં, વગેરે વગેરે. નોન-વેજ મા કયા પ્રકાર મા માંસનુ, સુગંધિત પ્રદાર્થોમા કઈ સુગંધ થી અને દવાઓ માં કઈ પ્રકાર ની દવાઓથી.

(વધુ સમજ માટે આવતા અંકે રાહ જુઓ)

# ખેલમહાકુંભમાં આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ઝોન કક્ષાનો એથ્લેટીક્સ રમોત્સવ તા. ૨૧ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન સેક્ટર-૮ આદર્શ નિવાસી શાળા ખાતે યોજાયો હતો.

ગાંધીનગર સે. ૮ આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓએ ઝોન-એ અંડર-૧૬ અને અબવ-૧૬માં ખોખોમાં બહેનોએ ભાગ લઈ સારો દેખાવ કર્યો હતો. જ્યારે અબવ-૧૬ ખોખોમાં બીજો ક્રમ મેળવ્યો હતો. અને આગામી સમયમાં જિલ્લા કક્ષાની રમતમાં ભાગ લેવા જશે. રસ્સા ખેંચ સ્પર્ધા અબવ-૧૬ જે.એમચ ચૌધરી સે. ૭ ખાતે યોજાઈ હતી. આદર્શ નિવાસી શાળા અ.જા. કન્યા સે. ૮ વિદ્યાર્થીઓનીઓ સારો દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. જ્યારે એથ્ટેટીક્સ સ્પર્ધામાં ઝોન-ડી જે.એમ. ચૌધરી સે. ૭માં યોજાઈ હતી. અંડર-૧૬ અને અબવ-૧૬ ભાગ લઈ પ્રથમ અને દ્વિતિય ક્રમ મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. શાળા પરિવારે વિજેતા વિદ્યાથીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**જાહેર ખબર**

**પોલીસ અધિક્ષકની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર**

ગાંધીનગર જીલ્લાના પો.સ્ટે. / શાખાઓના ફેક્સ મશીનના રીપેરીંગ તેમજ સ્પેર પાર્ટસનો વાર્ષિક ઈજારો માટેની જાહેર ખબર આપવામાં આવે છે.

(૧) કોરા ટેન્ડર ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીની રજીસ્ટ્રી શાખામાંથી રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફીના રોકડ ચૂકવી કચેરી સમય દરમિયાન તા.૫/૨/૨૦૧૬ના કલાક ૧૭:૦૦ સુધીમાં મેળવી શકશે.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૮/૨/૨૦૧૬ કલાક ૧૭:૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં સ્વીકારવામાં આવશે.
(૩) ભરેલા ટેન્ડર ફોર્મ ખોલવાની તા. ૧૨/૨/૨૦૧૬ કલાક ૧૨:૦૦ વાગ્યાનો રહેશે.
(૪) ટેન્ડર સાથે ટેન્ડર ભરનારે રૂ. ૧૫૦૦૦/- ઈ.એમ.ડી.ના પોલીસ અધિક્ષક ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવાનો રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : /૧/૨૦૧૬

સહી/-
(વિરેન્દ્ર સિંહ)
પોલીસ અધિક્ષક,
ગાંધીનગર

માહિતી/૨૪૧૯/૨૦૧૫-૧૬

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર નં.૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૭૧૬, ૨૩૨૫૬૭૯૨,
ફેક્સ નં. : ૨૩૨૫૬૭૧૮

**જાહેર નિવિદા**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લીમીટેડના જુના કોમ્પ્યુટર / ડોટ મેટ્રિક પ્રિન્ટર / લેસર પ્રિન્ટર તથા અન્ય ઉપકરણોના વેચાણ કરવા માટે સંબંધિત પાર્ટીઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવે છે. આ અંગે નિગમ દ્વારા નિયત કરવામાં આવેલ ટેન્ડરની શરતોને આધિન સંબંધિત પાર્ટીઓ પાસેથી તા. ૨૦/૨/૨૦૧૬ના ૧૫:૦૦ કલાક સુધી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તા. ૩૦/૧/૨૦૧૬ થી તા. ૧૯/૨/૨૦૧૬ સુધી ચાલુ દિવસમાં ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાકમાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નિગમની વડી કચેરીને હિસાબી શાખામાં રોકડેથી જમા કરાવીને મેળવી શકાશે.

મેનેજીંગ ડીરેક્ટર